| રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની આગામી ભરતી પ્રક્રિયા માટે પ્રોવિઝનલ મેરીટ-૧ મા સમાવેશ થયા બાદ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ વેરીફિકેશન કરાવવા માટેના સેન્ટરોની યાદી | | |
|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનુ નામ** | **રિસીવીંગ સેન્ટરનુ પુરૂ સરનામું** |
| ૧ | અમદાવાદ શહેર | **સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા,**<br>આઇ.પી.મિશન સ્કુલ સામે, ખમાસા ગેટ પાસે, રાયખડ, અમદાવાદ. |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | **શેઠ અમુલખ વિદ્યાલય,**<br>વિશ્વનાથ મહાદેવ મંદિર પાસે, રંગત હોટેલની પાછળ, સરખેજ-ગાંધીનગર હાઇવે, ગોતા, અમદાવાદ. |
| ૩ | અમરેલી | **અંધશાળા,**<br>ચિતલ રોડ, ગોળ દવાખાના પાસે, અમરેલી-૩૬૫૬૦૧ તા.જિ. અમરેલી |
| ૪ | આણંદ | **પ્રાથમિક શાળા નં.-૧૩/૧૬,(નગર શિક્ષણ સમિતિ, આણંદ),**<br>પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાસે, જાગનાથ મહાદેવ રોડ, બોરસદ ચોકડી પાસે, આણંદ. |
| ૫ | અરવલ્લી | **સી.જી.બુટાલા સર્વોદય હાઇસ્કુલ,**<br>મોડાસા. બસ સ્ટેસન રોડ, તા.મોડાસા જિ.અરવલ્લી |
| ૬ | બનાસકાંઠા | **સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા,**<br>શશીવન(જહાઁઆરા બાગ)ની પાસે,ડેરી રોડ,પાલનપુર, જિ.બનાસકાંઠા પિન કોડ નં. ૩૮૫૦૦૧ |
| ૭ | ભરૂચ | **રૂકમણીદેવી રૂંગટા વિદ્યાલય,**<br>રોટરી કલબ ભરૂચની બાજુમાં,સ્ટેશન રોડ, ભરૂચ ફોન. નં -૦૨૬૪૨-૨૪૦૫૭૦ |
| ૮ | ભાવનગર | **સરકારી માજીરાજબા ગર્લ્સ હાઇસ્કુલ,**<br>હલુરીયા ચોક,ભાવનગર. |
| ૯ | બોટાદ | **મોડેલ સ્કુલ,**<br>ખસ રોડ, બોટાદ. |
| ૧૦ | છોટા ઉદેપુર | **શ્રી એસ.એફ.હાઇસ્કુલ છોટાઉદેપુર,**<br>જિલ્લા સેવા સદનની સામે, તા.જિ.છોટાઉદેપુર પિન કોડ.૩૯૧૧૬૫ ફોન નં. ૦૨૬૬૯-૨૩૨૦૩૭ |
| ૧૧ | દાહોદ | **દાદરવાલા સભાગૃહ એમ વાય હાઇસ્કુલ**,<br>દાહોદ, સરદાર પટેલ રોડ, ગાંધી ગાર્ડનની સામે દાહોદ તા.જિ. દાહોદ પિન કોડ: ૩૮૯૧૫૧ |
| ૧૨ | ડાંગ | **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**<br>આહવા-ડાંગ. |
| ૧૩ | દેવભૂમી દ્વારકા | **જી.વી.જે.સરકારી હાઇસ્કુલ,**<br>હાઇસ્કુલ,સ્ટેશન રોડ-ખંભાળિયા તા.ખંભાળિયા જિ. દેવભુમિ દ્વારકા પિન કોડ. ૩૬૧૩૦૫ |
| ૧૪ | ગાંધીનગર | **સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર હાઇસ્કુલ,**<br>સિવિલ હોસ્પિટલ પાછળ, રાજપુત સમાજની વાડી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર. |
| ૧૫ | ગિર સોમનાથ | **જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,**<br>C/o,સરકારી બોયઝ હાઇસ્કુલ, રાજેન્દ્ર ભુવન રોડ, વેરવળ, જિ. ગિર સોમનાથ |
| ૧૬ | જામનગર | **ન્યુ દિગ્વિજયસિંહજી સરકારી હાઇસ્કુલ,**<br>ખંભાળિયા નાકા બહાર, જામનગર. |
| ૧૭ | જુનાગઢ | **ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કુલ,**<br>આઝાદ ચોક,જૂનાગઢ. |

**રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની આગામી ભરતી પ્રક્રિયા માટે પ્રોવિઝનલ મેરીટ-૧ મા સમાવેશ થયા બાદ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ વેરીફિકેશન કરાવવા માટેના સેન્ટરોની યાદી**

| ક્રમ | જિલ્લાનુ નામ | રિસીવીંગ સેન્ટરનુ પુરૂ સરનામું |
|---|---|---|
| ૧૮ | ખેડા | **જીવન વિકસ એજ્યુકેશન એકેડમી,**<br>આશ્રમ રોડ, ઓવરબ્રિજ પાસે, નડિયાદ-૩૮૭૦૦૧, જિ. ખેડા |
| ૧૯ | કચ્છ | **જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**<br>આનંદ કોલોની સામે, ભુજ-કચ્છ, ફોન નં. ૦૨૮૩૨-૨૫૦૧૫૬ |
| ૨૦ | મહિસાગર | **પંચશીલ હાઇસ્કુલ, લુણાવાડા**<br>એસ.ટી.વર્કશોપની સામે- લુણાવાડા. |
| ૨૧ | મહેસાણા | **ટી.જે.હાઇસ્કુલ, મહેસાણા**<br>તા.જિ.મહેસાણા, હૈદરી ચોકની નજીક,કોંગ્રેસ ભવનની સામે, મહેસાણા. |
| ૨૨ | મોરબી | **ધી વી.સી. ટેકનીકલ હાઇસ્કુલ,**<br>ગેસ્ટ હાઉસ રોડ, વી.સી. ફાટક પાસે, મોરબી-૩૬૩૬૪૧ ફોન નં. ૦૨૮૨૨-૨૩૧૬૩૯ |
| ૨૩ | નર્મદા | **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**<br>જિલ્લા સેવા સદન, રાજપીપળા તા.નાંદોદ(રાજપીપળા) જિ.નર્મદા. |
| ૨૪ | નવસારી | **શેઠ પુ.હ.વિદ્યાલય(સંસ્કાર ભારતી),**<br>આશાપુરી મંદિરની સામે, દુધિયા તળાવ પાસે, વિજલપોર, જિ.નવસારી. ફોન નં. ૦૨૬૩૭-૨૫૭૨૪૦ |
| ૨૫ | પંચમહાલ | **સરકારી તેલંગ વાણિજ્ય વિદ્યાલય,**<br>સિવિલ હોસ્પિટલની સામે, ગોધરા, જિ. પંચમહાલ |
| ૨૬ | પાટણ | **શ્રી આનંદ પ્રકાશ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,**<br>ટી.બી. ત્રણ રસ્તા, પાટણ જિ.પાટણ |
| ૨૭ | પોરબંદર | **સરકારી ભાવસિંહજી હાઇસ્કુલ,**<br>એસ.ટી. બસ સ્ટેન્ડ ની સામેની બાજુ પોરબંદર - ૩૬૦૫૭૫ |
| ૨૮ | રાજકોટ | **શ્રી કરણસિંહજી હાઇસ્કુલ,**<br>ભુપેન્દ્ર રોડ, સીટી ગેસ્ટ હાઉસ સામે, રાજેશ્રી સિનેમા પાસે, મુ. રાજકોટ ફોન નં. ૦૨૮૧-૨૨૨૬૮૮૯ |
| ૨૯ | સાબરકાંઠા | **હિંમત હાઇસ્કુલ,**<br>ટાવર પાસે, હિંમતનગર ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૦૩૫ |
| ૩૦ | સુરત | **સર. વી.ડી.ટી.ગર્લ્સ (વનિતા વિશ્રામ) હાઇસ્કુલ,**<br>અઠવાલાઇન્સ, સુરત. |
| ૩૧ | સુરેન્દ્રનગર | **શ્રી જી.સી. શાહ સ્વામી નારાયણ હાઇસ્કુલ,**<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સામે, બસ સ્ટેન્ડ રોડ, સુરેન્દ્રનગર. |
| ૩૨ | તાપી | **દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય,**<br>વ્યારા તા.વ્યારા જિ. તાપી. ટેલીફોન નં. ૦૨૬૨૬-૨૨૨૬૦૬ |
| ૩૩ | વડોદરા | **શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય,**<br>આર્ય કન્યા વિદ્યાલય સામે, કારેલી બાગ, વડોદરા. |
| ૩૪ | વલસાડ | **બાઇ આવાંબાઇ હાઇસ્કુલ,**<br>હાલર રોડ, વલસાડ જિ.વલસાડ ફોન નં. ૦૨૬૩૦-૨૫૪૧૩૮ |

## સરકારી અને બિન સરકારી અનુદાનિત શિક્ષણ સહાયક ભરતી –2019-20

## ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર માટે માર્ગદર્શન સૂચનાઓ

1. પ્રોવિઝનલ મેરીટ – ૧ માં સમાવેશ થયેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે અત્રેથી સુચવેલ તારીખો દરમ્યાન (દિન-૨ માટે) જિલ્લા કક્ષાએ ડોક્યુમેન્ટ વેરીફીકેશનસેન્ટર કાર્યરતકરવાના રહેશે.
2. તમામ જિલ્લાઓને સદર કાર્યવાહી અંગે ઓનલાઈન **લોગ ઈન આઈ–ડી** આપવામાં આવશે. જેમાં આપના જિલ્લાનાસેન્ટર પર ડોક્યુમેન્ટ વેરીફીકેશન અર્થે આવનાર ઉમેદવારોની વિગતો મોકલવામાં આવશે. આ ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર ઉપર અત્રેની કચેરીથી તાલીમ લીધેલા ભરતી નોડલ અધિકારી/કર્મચારીઓનેપુરતા પ્રમાણમાં હાજર રાખવા તથા પૂરતા પ્રમાણમાં કમ્પ્યૂટર ઉપલબ્ધ રાખવા અંગેની વ્યવસ્થા કરવાની રહેશે.
3. આ કામગીરીમાં માટે કમિશનર શાળાઓની કચેરી દ્વારા તાલીમ લીધેલા ભરતી નોડલ અધિકારી/કર્મચારીઓને હાજર રાખવા અંગે જીલ્લા કક્ષાએથી આદેશ કરવાના રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સમગ્ર કામગીરીનું વખતો-વખત મૂલ્યાંકન અને સંકલન કરવું તથા દરરોજ જાતે એક અથવા વધુ વાર રીસીવીંગ કેન્દ્રની મુલાકાત લેવી.
4. **સેન્ટર ઉપર અરજી ફોર્મ રીસીવ કરતાં પહેલાં નીચેની વિગતોની મેન્યુઅલી ચકાસણી કરવી-**
   a. અરજી ફોર્મ સાથે જોડેલ જરૂરી ગુણપત્રકો/પ્રમાણપત્રકોની ઝેરોક્ષ નકલની અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરવી. અસલ પ્રમાણપત્રો જોવા અનિવાર્ય છે.
   b. નીચેના ક્રમમાં પ્રમાણપત્રો અરજીપત્રક સાથે જોડાવી અરજી સ્વીકારવી(અરજદાર પોતાના અરજી પત્રક સાથે ચેક-લીસ્ટ હાર્ડ કોપીમાં સાથે લઈને આવશે, જેમાં ચકાસણી કરી ચકાસનારનું નામ અને હોદ્દો દર્શાવી, સહિ કરવાની રહેશે.)

   (1)શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (2) જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) (3) નોન-ક્રિમેલીયર સર્ટી (SEBC) (જો લાગુ પડતુ હોય તો) (4) શારીરિક અશકતતા અંગેનું પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) (5) માજી સૈનિકનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) (6) EWS સર્ટિફીકેટ (જો લાગુ પડતુ હોય તો) (7) TAT માર્કશીટ (8) શૈક્ષણિક સ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર (9) શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી (10) શૈક્ષણિક અનુસ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) (11) શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકેટ(જો લાગુ પડતુ હોય તો) (12) વ્યાવસાયિક સ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર (13) વ્યાવસાયિક સ્નાતકનુંટ્રાયલ સર્ટી (14) વ્યાવસાયિક અનુસ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) (15) વ્યાવસાયિક અનુસ્નાતક-સ્નાતકનુંટ્રાયલ સર્ટી (જો લાગુ પડતુ હોય તો)(16) N.C.T.E.ની માન્યતાનું પ્રમાણપત્ર (વ્યાવસાયિક સ્નાતક અને અનુસ્નાતકની લાયકાતમાટે) (17) કમ્યુટરની બેઝિક લાયકાત અન્વયે શિક્ષણ વિભાગના તા. ૧૩/૦૮/૦૮ અને તા. ૧૮/03/૧૯ ના ઠરાવ મુજબના લાગુ પડતા આધારો

5. **વય મર્યાદા માટે:(ફક્ત સરકારી શાળાઓ માટે)**
   a. જન્મ તારીખ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ચકાસી, ઉંમરની ચકાસણી કરવી .
   b. વય મર્યાદા અન્વયે અરજદારની જે તે જાહેરાતની અરજી કરવાની અંતિમ તારીખે અરજદારની ઉંમર ધ્યાને લેવાની રહેશે.

c. વય-મર્યાદામાં આવતા ન હોય તેવા ઉમેદવારની અરજી સ્વીકારવી નહીં.

**6. કેટેગરી માટે:**

a. સક્ષમ અધિકારીએ આપેલ જાતિનાં પ્રમાણપત્રની ચકાસણી કરવી. (ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારી)

b. ના કિસ્સામાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૧૧/૯૫, તા.૦૬/૦૨/૧૯૯૬ તથા અન્ય સંબંધિત તમામ ઠરાવથી નિયત થયેલ પરીશિષ્ટ-ક/ પરીશિષ્ટ-૪ ના નમુનામાં નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ રજૂ કરેલ હોય તો જ તે કેટેગરીમાં ગણવા.

c. જાહેરાતની છેલ્લી તારીખે નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટની અવધિ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૧૬ના ઠરાવથી નિયત થયા મુજબ ત્રણ વર્ષની જળવાતી હોવી જોઇએ.

**7. શારીરિક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવાર માટે:**

a. સિવીલ સર્જનનું પ્રમાણપત્ર ચકાસવું.
   - હલન ચલનની ખામી માટે 40 % કે તેથી વધુ અને 75% સુધી
   - અલ્પ દ્રષ્ટિ માટે 40 % કે તેથી વધુ

**8. માજી સૈનિક માટે:**

a. ઉમેદવારે ઓછામાં ઓછી 6 માસની નોકરી આર્મ ફોર્સીસમાં હોવી જોઇએ અને તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જોઇએ.

**9. લાયકાત માટે:**

a. https://www.gserc.in/વેબસાઇટ ઉપર સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રીયા શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૧૧ તથા તા.૧૫/૧૧/૧૯ના ઠરાવ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારા તેમજ શિક્ષણ વિનિયમોના ૨૦(૩) ના તા.૦૮/૦૬/૧૮તેમજ અન્ય તમામ સબંધીત ઠરાવો ઉપલબ્ધ છે. તદ અનુસાર શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અન્ય બાબતોની ચકાસણી કરીને જ અરજી ફોર્મ સ્વીકારવા.

b. અરજદારે જે વિષયના શિક્ષણ સહાયક બનવા માટે ઉમેદવારી નોંધાવી હોય તે અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઈ ૨૦(૩) માં તા.૦૮/૦૬/૧૮ ના ઠરાવના પરિશિષ્ટ ૧/૨ માં દર્શાવ્યા મુજબ સ્નાતક/અનુસ્નાતક/B.ED./M.ED./TAT કક્ષાએ વિષયો ધરાવતો હોવો જોઇએ.

c. શિક્ષણ વિભાગના તા.૦૮/૦૬/૧૮ ના ઠરાવ મુજબ ઉમેદવારે જે માધ્યમમાં શિક્ષણ સહાયકની અરજી કરેલ હોય, તે માધ્યમમાં TAT પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

d. ટ્રાયલ મુજબ ગુણ ગણતરી કરી અરજીમાં ગુણ દર્શાવેલ છે કે કેમ તે જોવું(સુચના ક્રમ-૧૧ માં આપેલ સુચના મુજબ ચકાસણી કરવી)

e. જે લાયકાતમાં એક કરતા વધુ ટ્રાયલ હોય તો તે લાયકાતના બધા જ ટ્રાયલની પ્રમાણિત માર્કશીટ અચુક સામેલ કરાવવી, અન્યથા અરજી સ્વીકારવી નહી.

f. યુ.જી.સી. માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડિગ્રી માન્ય રહેશે. સોફ્ટવેરમાં યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીનું ડ્રોપ ડાઉન મુકલે છે, તેમાંથી ઉમેદવારે યુનિવર્સિટી પસંદ કરેલ હશે, પરંતુડ્રોપ ડાઉન માં જો અન્ય વિકલ્પ પસંદ કરી ઉમેદવારે મેન્યુઅલી યુનિવર્સિટી નું નામ લખેલ હશે, તેવાં

ઉમેદવારોની અરજી ચકાસણી આપને ઝીણવટ પૂર્વક કરવાની રહેશે. રાજ્ય બહારની યુનિવર્સિટી Open and distance learning દ્વારા મેળવેલ ડિગ્રી માન્ય રહેશે નહી.આ અંગે ચકાસણી કરી અરજીપત્રો લેવાં. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી ની લાયકાત માન્ય ગણાશે

g. રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથીનિયમિત અભ્યાસથી મેળવેલ લાયકાતઅન્વયે નીચે મુજબના આધારો ઝીણવટ પૂર્વક ચકાસવાના રહેશે. તમામ આધારોની પુષ્ટિ થયાં બાદ જ અરજી સ્વીકારવાની રહેશે.

(1) અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનુંસ્થળાંતરપ્રમાણપત્ર (માઈગ્રેશનસર્ટી) ઝેરોક્ષનકલઅથવાતેનીડુપ્લીકેટનકલ.

(2) અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

(3) અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.

(4) અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.

(5) પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.

(6) અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.

(7) માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમીત અભ્યાસક્રમ)થી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર.

(8) ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે

- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ લાયકતો અન્વયે જિલ્લા કક્ષાએથી ખરાઈ કર્યા બાદ નિમણૂંક આપવાની પ્રક્રિયા કરવાની રહેશે

h. વર્ષ-૨૦૧૨ બાદ ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T.યુનિવર્સીટીની લાયકાત માન્ય ગણવાની રહેશે નહીં.

i. સેમિસ્ટર પધ્ધતિ તથા CGPA/CPIવગેરે અન્વયે ગુણ ગણતરી માટે વિવિધ યુનિવર્સિટીના ઉઅપલબ્ધ ફોર્મ્યુલાની વિગતો આ સાથે સામેલ છે, સેમિસ્ટર પધ્ધતિમાં સ્નાતક થનાર ઉમેદવારની તમામ સેમિસ્ટરની માર્કશીટ સામેલ કરાવી તમામ સેમિસ્ટરના કુલ ગુણ અને મેળવેલ ગુણ અરજીમાં દર્શાવેલા છે કે કેમ તે સુનિશ્ચિત કરવું. અત્રેથી આપવામાં આવેલ વિગતોમાં દર્શાવ્યા સિવાય અન્ય યુનિવર્સિટી માટે જ્યાં ફક્ત CGPA/CPIદર્શાવેલ હોય ત્યાં ઉમેદવાર પાસેથી યુનિવર્સિટી અથવા કોલેજમાંથી મેળવેલ ગુણ ભરેલ હશે, જે અન્વયેયુનિવર્સિટી/ કોલેજમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધાર ચકાસવા.

**10. હાલ રાજયની સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતાં હોય તેવા શિક્ષણ સહાયક/શિક્ષક માટે**

હાલ રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો. ૯ થી ૧૨ માં ફરજ બજાવતાં હોય અને નિમણૂંક પામે થી અરજીની છેલ્લી તારીખ સુધી **૩ વર્ષ** પૂર્ણ થતાં ન હોય તેવા ઉમેદવારોએ સબંધીત જિ.શિ.શ્રીપાસેથી મેળવેલ NOC ની ચકાસણી

કરવાની રહેશે તેમજNOC મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન ઉપર આવશે તો અરજી રદ થવાને પાત્ર રહેશે. આ બાબત માધ્યમિકમાંથી માધ્યમિક માં અને ઉચ્ચતર માધ્યમિકમાંથી ઉચ્ચતર માધ્યમિકમાં જનારને લાગુ પડશે.

❖ શિક્ષણ સહાયકજિલ્લા પસંદગી માટે ઉપસ્થિત રહેનાર એન.ઓ.સી. મેળવનાર ઉમેદવારોએ રાજીનામું મંજૂર કરાવેલ હશે અને બોન્ડની રકમ ભર્યાનું ચલન રજૂ કર્યેથી જ જિલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે.

**11. ગુણની ચકાસણી માટે નીચેની સૂચનાઓ મુજબ ગણતરી કરી ચકાસણી કરવી.**

1. કોઈપણ યુનિવર્સિટી હ્વારા આપવામાં આવતી ડીગ્રીઓનાં ગુણપત્રકમાં જે કુલ ગુણ (Grand Total) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (Obtain Marks) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવાના થાય.
2. કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,
3. એ એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,

(A) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ને અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ (FAIL) થયેલ હોય અને જ્યારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ અને ટકાને ધ્યાનમાં લેવાના રહેશે.

(B) જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્નો કોઈપણ પરીક્ષા પાસ કરી હોય અને વિષય મુક્તિ (Exemption) મેળવેલ હોય તે દરેક પ્રયત્નનાં કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નક્કી કરવું.

(C) જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી હ્વારા આંતરીક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરીક ગુણાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાનાં પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનનાં ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયનાં કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરીક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

**12. સ્વીકારેલ અરજીપત્ર રાજ્યકક્ષાએ જમા કરાવવા અંગે:**

- **ઓનલાઈન અરજીઓ જમા કરાવવા અંગેની સુચનાઓ –**

❖ સરકારશ્રીના સંભવિત અસ્તિત્વ ધરાવતા ઠરાવોની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોની અરજીઓ કન્ફર્મ કરી , C.O.S. ના અકાઉન્ટમાં સબમીટ કરવાની રહેશે.યોગ્ય લાયકાત ન ધરાવતા ઉમેદવારો અથવા મેરીટ ફેરફાર થવા પાત્ર ઉમેદવારોની અરજીનાCOMMENT BOX માં વિગતવાર કારણ દર્શાવ્યા બાદ જ C.O.S. ના અકાઉન્ટમાં સબમીટ કરવાની રહેશે તથાઅરજી ચકાસણી કરનાર અધિકારી/કર્મચારીનું નામ પણ કોલમમાં દર્શાવવાનું રહેશે.

- **હાર્ડ કોપીમાં અરજીઓ જમા કરાવવા અંગેની સુચનાઓ –**

a. દરેક ઉમેદવાર પોતાના અરજી પત્રક સાથે ચેક-લીસ્ટ હાર્ડ કોપીમાં સાથે લઈને આવશે, જેમાં ચકાસણી કરી ચકાસનારનું નામ અને હોદ્દો દર્શાવી, સહિ કરવાની રહેશે અને આ ચેક લીસ્ટને સબંધીત અરજીની સાથે રાખવાનું રહેશે.

b. સ્વીકારેલ દરેક અરજી ફોર્મના મથાળે જિલ્લાના નામનો જ સુવાચ્ય સિક્કો લગાવવો. (ગોળ સીલ ન મારવું) તથા ઉમેદવારનો TAT નંબર અને મેરીટ નંબર સુવાચ્ય અને મોટાં અક્ષરે લખવો,આવેલ અરજીફોર્મ સાથે ચેકલીસ્ટમાં સૂચવ્યા પ્રમાણેના ક્રમમાં (અરજી ફોર્મ પ્રથમ રાખી)પ્રમાણપત્રો જોડવા.

c. દરેક વિષયવાર/કેટેગરીવાર અરજી ફોર્મ અલગ બાંધવાના રહેશે.

d. વિષયવાર/કેટેગરીવારટ્રાયલ વગરના અને ટ્રાયલવાળા અરજી ફોર્મ અલગ બાંધવા.

e. વિષયવાર/કેટેગરીવાર રાજ્ય બહારની યુનિવર્સિટી ની લાયકાત ધરાવતા ઉમેદવારોના અરજી ફોર્મ અલગ બાંધવાના રહેશે.

f. ટ્રાયલ વગરના અરજી ફોર્મ ચડતા ક્રમમાં ગોઠવીને પચ્ચાસ -પચ્ચાસના જૂથમાં બાંધી જૂથ ઉપર યાદીની નકલ બાંધવી.

g. ટ્રાયલવાળા ઉમેદવારોનાં અરજી ફોર્મને મેરીટ ક્રમાંક મુજબ ચડતા ક્રમમાં ગોઠવીને પચ્ચાસ - પચ્ચાસના જૂથમાં બાંધી જૂથ ઉપર યાદીની નકલ બાંધવી.

h. દરેક જૂથ ઉપર બાંધેલ જૂથવાર યાદીની એક નકલ અને સેન્ટરની એક સળંગયાદી રાજ્યકક્ષાએ અલગ આપવાની રહેશે. જિલ્લા કક્ષાએ એક નકલ રાખવાની રહેશે.

i. **રાજ્યકક્ષાએ ફોર્મ નિશ્ચિત કરવામાં આવેલ તારીખ અને સમયે શિક્ષણસહાયક કેન્દ્રીયકૃત ભરતી કેન્દ્ર, સેક્ટર-12, ગાંધીનગરખાતે ચકાસણી કરાવી જમા કરાવવાના રહેશે.**

13. અત્રેથી આપેલ કાર્યક્રમ અથવા સૂચના મુજબ કામગીરી કરવી. આ કાર્યક્રમ સંભવિત છે તેમાં ફેરફાર થવાની શક્યતા છે. તો દરરોજ વેબસાઇટ, **રીસીવીંગ સેન્ટર લોગીનમાં અને ઇ-મેઇલ દ્વારા અપાતી સૂચનાઓને ધ્યાને લેવી અને તેની અમલ કરવો.** દરરોજ વેબસાઇટ અને ઇ-મેઇલ ઓછામાં ઓછા બે-વાર(સવાર-સાંજ) જોતા રહેવું.અને આપેલ સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવો.

14. **લાયકાત, વયમર્યાદા કે કેટેગરી બાબતે કોઇ દ્વિધા હોય કે વિવાદ જણાય તો તેવી બાબતે અત્રેની કચેરીએ ફોનથી પરામર્શ કર્યા સિવાય અરજીનો અસ્વીકાર કરવો નહી / કે સ્વીકારવી પણ નહી. જરૂર જણાય તો નીચે દર્શાવેલ ઇમેઇલથી માર્ગદર્શન મેળવી લેવું.**

https://www.gserc.in/